# Taro Thay Divo Mara Garma Re Lyrics | Vijay Suvada

ધન્ય ભાયગ બેઠી તું મારા ગામમાં રે
મારુ ધન્ય ભાયગ બેઠી તું મારા ગામમાં રે
એહે માડી વડલે તારું ધામ સૌના મુખે તારું નામ
માડી વડલે તારું ધામ સૌના મુખે તારું નામ
સઘળા સુખ માં તારી નજરમાં રે
તારો થાય દીવો મારા ઘરમાં રે
હો વહિત ધન્ય ભાયગ મારા ગોમનાં રે

કુંવાસીના ઓતેડે માં તું હેડનારી
રાખે વશ્વિાસ એના કોમ રે કરનારી
હો પારણું બંધાવી માં તું ખમ્મા કરનારી
પુત્ર પરીવારની તું લાજ રાખનારી

એહે તારી જબરી છે નજર
તને સઘળી છે ખબર
તારી જબરી છે નજર
તને સઘળી છે ખબર
સૌની લાજ વહિત તારા હાથમાં રે
તારો થાય દીવો મારા ઘરમાં રે
વહિત ધન્ય ભાયગ મારા ગોમનાં રે

તારી દયાથી સુખ છલકે આખા ગામમાં
સૌને ભરોસો માડી વહિત તારા નામમાં
તારા દીકરા આજ ફરે છે ફોરેનમાં
સદા રટણ હોય માડી તારું મનમાં

એહે મને માડી તારી ટેક
તારા મારા હાચા લેખ
મને માડી તારી ટેક
તારા મારા હાચા લેખ
મનુ રબાઈ કે માં રેજે સાથમા રે
તારો થાય દીવો મારા ઘરમાં રે
વહિત ધન્ય ભાયગ મારા ગોમનાં રે
એવા ધન્ય ભાયગ મારા ગામનાં રે.

gujaratilyrics.com